सत्यमेव जयते

# સાંસદ આદર્શ ગ્રામ યોજના (એસએજીવાય)

## માર્ગદર્શિકાઓ



ગ્રામિણ વિકાસ વિભાગ
ગ્રામિણ વિકાસ મંત્રાલય
ભારત સરકાર



सत्यमेव जयते

# સંદેશ

સ્વતંત્રતા દિવસના રોજ સંસદમાં રહેલા મારા સાથીઓ વતી મે તમને એક વચન આપ્યુ હતુ. આરોગ્ય, ચોખ્ખાઇ, હરિયાળી અને સમુદાયમાં સ્નેહના સાર રૂપે આદર્શ ગ્રામ યોજનાનું મારુ સ્વપ્ન રજૂ કર્યુ હતુ. તેમાં અનુસરવામાં આવનાર માર્ગદર્શિકા આ સિદ્ધાંતો પર આધારિત છે અને ૨૦૧૬ સુધીમાં તેમના કે તેણીના મતવિસ્તારમાંથી મોડેલ વિલેજ અને ૨૦૧૯ સુધીમાં વધુ બે ગામને મોડેલ વિલેજ બનાવવા માટે પ્રત્યેક સંસદસભ્ય માટે સાંસદ ગ્રામ યોજનાની સંપૂર્ણ રૂપરેખા રજૂ કરું છુ.

હું મહાત્મા ગાંધીની વિચારધારાથી ઊંડાણપૂર્વક પ્રેરીત થયો છું. ગામડામાં લાઇટ લાવવા માટે તમારે ફક્ત વીજળીના થાંભલાની જ જરૂર નથી પરંતુ સાચો પ્રકાશ મૂલ્યોને આકાર આપતા, સામુદાયિક ઉત્સાહ અને સારા શિક્ષણને પ્રોત્સાહન આપવાથી આવશે તેવી પ્રતીતી કરવાની તેમનામાં દૂરંદેશીતા હતી. હું પણ માનું છું કે રાષ્ટ્રીય ગૌરવ, દેશદાઝ, એકતા, આત્મવિશ્વાસના મૂલ્યોને વેગ આપવો એ આંતરમાળખાકીય વિકાસ જેટલો જ મહત્ત્વનો છે. બીજા શબ્દોમાં કહીએ તો મૂલ્યવાન ફેરફાર દ્વારા મૂલ્ય શ્રૃંખલા વિકસાવો, મૂલ્ય શ્રૃંખલા શબ્દ એ છે કે જે વર્ણવે છે કે મૂલ્ય અને કાર્યક્ષમતાને મહત્તમ કરવા માટે કારોબારના પ્રત્યેક પગલાંમાંથી પસાર થવું પડે છે.

સાંસદ આદર્શ ગ્રામ યોજના, બીજી યોજનાઓથી વિરુદ્ધ, પ્રાપ્તિકર્તા તરીકે લાભાર્થીઓ સામે અને કરનાર તરીકે સરકાર સામે જોતી નથી. આ યોજનામાં ગામડાઓ પસંદગી કરી શકે અને તે પસંદગીઓનો ઉપયોગ કરવા માટે તેમને તકો પૂરી પાડવા માટે સક્ષમ બનાવવા તે આ યોજનાનો હેતુ છે. આ યોજના દિશા આપશે અને મને ખાતરી છે કે આપણા સરળ ગામડાઓ તેમની સખત મહેનત અને સાહસિક કુશળતાઓ મારફતે પોતાનો માર્ગ કંડારશે.

હું જ્યારે ગુજરાતનો મુખ્યપ્રધાન હતો ત્યારે, મારા રાજ્યના આવા જ એક ગામડા પુંસરીના વિકાસને ટેકો પૂરો પાડવાની તક મળી હતી. પુંસરીને ઘણી વખત દેશના પ્રથમ ક્રમના ગામડા તરીકે ગણવામાં આવે છે. એ જોતા મને ભારે આનંદ થાય છે કે તેલંગણામાં આવેલ ગંગાદેવીપલ્લી અને મહારાષ્ટ્રમાં આવેલ હિવારે બઝાર સુંદર કામગીરી કરી રહ્યા છે. હું આશા રાખું છું કે આ યોજનાના અમલીકર્તાઓ આ ગામડાઓ તરફ જોશે અને તેમની પાસેથી શીખશે. મને ખાતરી છે કે થોડા વર્ષો પછી આપણી પાસે આ મોડેલ ગામડાઓમાંતી પ્રાપ્ત સોએક નવીનીકરણો અને સફળ વાર્તાઓ હશે.

અમે ખાસ કરીને સામુદાયિક ભાગીદારી એટલે કે જન ભાગીદારી પરત્ત્વે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હકીકતમાં લોગોની પસંદગી માટે ઓનલાઇન સ્પર્ધા મારફતે યોજનાનો પવિત્ર પ્રારંભ થયો હતો. યોજનાના ભાગરૂપે ગામવાસીઓ તેમની પોતાની વિકાસ યોજના, પ્રવૃત્તિઓ તૈયાર કરશે અને સિદ્ધિ માટે લક્ષ્યાંકો નક્કી કરશે.

હું પણ ખાસ કરીને અત્યંત ઉત્સાહિત છું અને આ યોજના હેઠળ ઉદાહરણ તરીકે સ્માર્ટ સ્કુલ્સ, ઇ-લાયબ્રેરીઝ, ગ્રીન સ્કુલને બાળકના શિક્ષણના ટેકા માટે લેવાનો જે અમે ઇરાદો રાખીએ છીએ તેવા પ્રયત્નો વિશે ઉત્સાહી છું. આત્મવિશ્વાસની સમજ અને મહિલાઓ, શહીદો અને વૃદ્ધો માટે સન્માન, સારું સ્વાસ્થ્યશાસ્ત્ર, પર્યાવરણ માટે સન્માન, સારા વાંચનની ટેવ વગેરે જેવા મૂલ્યોની આપણી યુવાન પેઢી પર છાપ બેસે તે અગત્યનું છે.

સાંસદ આદર્શ ગ્રામ યોજના, એવી યોજના કે જે ગ્રામિણ ભારતના સ્વપ્નાઓને સાકાર કરશે તેની માર્ગદર્શિકાઓ પ્રસિદ્ધ કરવાનો મને આનંદ છે.

11th October 2014

**Narendra Modi**
Prime Minister of India



# સંદેશ

લોક નાયક જય નારાયણ જીની જન્મજયંતિ દિન, ગાંધીજીના પગલાંઓને અનુસરતા ૧૧ ઓક્ટોબરના રોજ અમે સાંસદ આદર્શ ગ્રામ યોજના મારફતે ગ્રામ સ્વરાજના ખ્યાલને વાસ્તવિકતામાં રૂપાંતર કરવાનો ઈરાદો ધરાવીએ છીએ. શ્રી અટલ બિહારી વાજપેયી જીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ, એનડીએએ માર્ગો બનાવીને અને શહેરી સ્તરની સુવિધાઓ પૂરી પાડીને આર્થિક તકોને ગામડાઓની નજીક લાવવાની હાકલ કરી છે. પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના (પીએમજીએસવાય)ના વિગતવાર ખ્યાલ સાથે હું ગાઢ રીતે સંકળાયેલો રહ્યો હતો, જેણે ગ્રામિણ વિસ્તારોમાં વધુ સારા માર્ગ જોડાણમાં યોગદાન આપ્યું છે. આજે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જીની સશક્ત આગેવાની હેઠળ અમે અમારા વચનમાં આગળ ધપીએ છીએ અને સાંસદ આદર્શ ગ્રામ યોજના (એસએજીવાય) મારફતે આપણા ગામડાઓના દ્વારે વિકાસ લાવવાની અરજ કરીએ છીએ.

પ્રજાને પોતાના ભાવિને કંડારવાની પસંદગી કરવાની સ્વતંત્રતા બક્ષવા માટે ભૌતિક સુવિધાઓ પૂરી પાડવાની સાથે એસએજીવાય ગ્રામિણ ભારતના આત્માનો સમાવેશ કરશે. આ યોજના વિશિષ્ટ છે અને ફેરફાર કરવા યોગ્ય છે કેમ કે તે વિકાસ પરત્વે પવિત્ર અભિગમ ધરાવે છે. તે એક કરતા વધુ વિસ્તારોમાં ગામડાના સંકલિત વિકાસની કલ્પના ધરાવે છે જેમ કે કૃષિ, શિક્ષણ, સેનીટેશન, પર્યાવરણ, ગુજરાન વગેરે. તેમાં ફક્ત ભૌતિક આંતરમાળખું અને મૂળભૂત સુવિધાઓ જ નહી પરંતુ જીવન જીવવાના સ્તરમાં સુધારો કરવાનું, સામાજિક મૂડી સમૃદ્ધ કરવાનો અને સામુદાયિક ભાવના ઊભી કરવાનો પણ સમાવેશ થાય છે. આ બધા આંતરિક તત્ત્વો છે જે લાંબા ગાળે સકારાત્મક ફેરફાર લાવે અને આ ફેરફાર ટકી રહે તેની ખાતરી કરશે.

મજબૂત અને પારદર્શક ગ્રામ પંચાયતો અને સક્રિય ગ્રામ સભાઓ મારફતે અને સુશાસન આપીને સ્થાનિક લોકશાહીને મજબૂત કરવી એ યોજનાનો અગત્યનો ઉદ્દેશ છે. આને સિદ્ધ કરવા માટે વિવિધ નવીનતમ આચરણો વિકસશે તેની મને ખાતરી છે. ઉદાહરણ તરીકે, ગુજરાતના પુંસરી ગામે ગ્રામ પંચાયતના કાર્યકરોની હાજરી માટે બાયોમેટ્રીક સિસ્ટમ મુકી છે. તેનાથી કાર્યોના અમલીકરણમાં જવાબદારી અને કાર્યક્ષમતા આવી છે. તેજ રીતે, મહારાષ્ટ્રમાં આવેલ હિરવારે બઝારે જોઈન્ટ મેનેજમેન્ટ કમિટી પર ભાર મુક્યો છે જેતી જંગલોનું રક્ષણ કરી શકાય, તેમજ ગામને દુષ્કાળ અને જળની તંગીથી મુક્ત કરવા માટે સંકલિત જળ સંરક્ષણ પગલાંઓ વિકસાવી શકાય.

સાસદસભ્યો (એમપી) તેમના જે તે મતવિસ્તારમાં આ પહેલની આગેવાની લેશે અને માર્ગદર્શન આપશ. ઝોઓ સમુદાયને ફક્ત વિકાસકીય કાર્યો જ નહી પરંતુ યોજનામાં નિર્દિષ્ટ મૂલ્યો સ્થાપિત કરવા માટે ઉત્તેજન આપશે. એમપીઓએ આ આદર્શ ગામોનું સંવર્ધન કરવું પડશે જેથી આસપાસના વિસ્તારો માટે તેમાંથી શીખી શકે અને તે પ્રયત્નોની નક્લ કરી શકે તે માટે નિદર્શન ગામ તરીકે રજૂ કરી શકાય. આ યોજનામાં વિવિધ સરકારી મંત્રાલયો અને વિભાગોની વચ્ચે આયોજિત સંકલન અને એકીકરણની જરૂરિયાત રહેશે.

મારે એનો ઉલ્લેખ કરવો જ પડશે કે આ માર્ગદર્શિકાઓ સંસદ, રાજ્ય સરકારો, ભારત સરકારમાં રહેલા મારા સાથીઓ અને અન્ય હિસ્સેદારો સાથેની અનેક ચર્ચાઓનું પરિણામ છે. ભૌતિક સુવિધાઓ સાથે પાત્ર નિર્ધારણ, પર્યાવરણ સંરક્ષણ અને માનવ વિકાસ ભાર મુકીને વ્યાપક ગામ યોજના વિકસાવવા માટે એમપીની આગેવાની અને ગ્રામ્ય સ્તરે સમુદાયની ભાગીદારી પર ભાર મુકવાથી જ આ યોજના સફળ થઈ શકશે.

૧૧ ઓક્ટોબર ૨૦૧૪

નિતીન ગડકરી
કેન્દ્રિય પ્રધાન, ગ્રામિણ વિકાસ, પંચાયતી રાજ, પીવાના પાણી અને સેનીટેશન, માર્ગ પરિવહન,
ધોરીમાર્ગ અને શિપીંગ

# સંક્ષિપ્ત રૂપો

| | |
|---|---|
| એએબીવાય | આમ આદમી બીમા યોજના |
| એટીએમએ | એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી |
| બીએનવી | ભારત નિર્માણ વોલન્ટીયર |
| બીપીએલ | ગરીબી રેખા હેઠળ |
| બીઆરજીએફ | બેકવર્ડ રિજીયન્સ ગ્રાંટ ફંડ |
| સીએએમપીએ | કંપેનસેટરી એફોરસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનીંગ ઓથોરિટી |
| સીએસસી | કોમન સર્વિસ સેન્ટર |
| સીએસઆર | કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલીટી |
| એફઆરએ | ધી શિડ્યૂલ ટ્રાઈબ્સ એન્ડ અધર ટ્રેડીશનલ ફોરેસ્ટ ડ્વેલર્સ (રેકોગ્નીશન ઓફ ફોરેસ્ટ રાઈટ્સ) એક્ટ |
| જીઆઈએસ | જિયોગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ |
| જીપી | ગ્રામ પંચાયત |
| આઈએવાય | ઈન્દિરા આવાસ યોજના |
| આઈસીડીએસ | ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસીઝ સ્કીમ |
| આઈઆઈટી | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી |
| આઈએમઆર | ઈન્ફન્ટ મોર્ટેલિટી રેટ |
| આઈડબ્લ્યુએમપી | ઈન્ટીગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ |
| મગનરેગા/ મગનરેગ્સ | મહાત્મા ગાંધી નેશનલ રુરલ એમ્પોલયમેન્ટ ગેરંટી એક્ટ/ સ્કીમ |
| એમકેએસપી | મહિલા કિસાન સશક્તિકરણ પરિયોજના |
| એમએમઆર | મેટર્નલ મોર્ટેલિટી રેટ |
| એમએનઆર | મિનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી |
| એમપી | સંસદ સભ્ય |
| એમપીએલએડીએસ | મેમ્બર ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ સ્કીમ |
| એમએસએસઈ | માઈક્રો સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈસ |
| નાબાર્ડ | નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ |

| | |
|---|---|
| એનડીડીબી | નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ |
| એનએફએસએ | નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ |
| એનએચએમ | નેશનલ હેલ્થ મિશન |
| એનઆઈઆરડી એન્ડ પીઆર | નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ રુરલ ડેવલપમેન્ટ એન્ડ પંચાયતી રાજ |
| એનએલએમ | નેશનલ લિટરસી મિશન |
| એનઆરડીડબ્લ્યુપી | નેશનલ રુરલ ડ્રીંકીંગ વોટર પ્રોગ્રામ |
| એનઆરએલએમ | નેશનલ રુરલ લાઈવલીહૂડ મિશન |
| પીડીએસ | જાહેર વિતરણ વ્યવસ્થા |
| પીએમજીએસવાય | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના |
| પીએમજેડીવાય | પ્રધાનમંત્રી જનધન યોજના |
| પીટીએ | પેરેન્ટ ટીચર એસોસિયેશન |
| પીડબ્લ્યુડી | વિકલાંગતા સાથેની વ્યક્તિઓ |
| આરજીજીવીવાય | રાજીવ ગાંધી ગ્રામિણ વિદ્યુતીકરણ યોજના |
| આરજીપીએસએ | રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન |
| આરકેવીવાય | રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના |
| આરએસએમએ | રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન |
| આરએસબીવાય | રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના |
| આરએસઈટીઆઈ | રુરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યૂટ |
| એસએજીવાય | સાંસદ આદર્શ ગ્રામ યોજના |
| એસએયુ | સોશિયલ ઓડીટ યુનિટ |
| એસએચજી | સ્વસહાય જૂથ |
| એસઆઈઆરડી | સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ રુરલ ડેવલપમેન્ટ |
| એસઆરઆઈ | સિસ્ટમ ઓફ રાઈસ ઈન્ટેસિફિકેશન |
| એસએસએ | સર્વ શિક્ષા અભિયાન |
| યુઆઈડીએઆઈ | યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા |
| વીડીપી | વિલેજ ડેવલપમેન્ટ પ્લાન |

# સૂચિ


| | | |
|---|---|---|
| 1 | મોડેલ ગામનું મહાત્મા ગાંધીનું સ્વપ્ન | 6 |
| 2 | લક્ષ્યાંક | 8 |
| 3 | સાંસદ આદર્શ ગ્રામ યોજનાના મૂલ્યો | 8 |
| 4 | ઉદ્દેશો | 8 |
| 5 | ભૂતકાળમાંથી પાઠ | 9 |
| 6 | અભિગમ | 9 |
| 7 | આદર્શ ગ્રામમાં પ્રવૃત્તિઓ | 9 |
| 8 | વ્યૂહરચના | 12 |
| 9 | આદર્શ ગ્રામની ઓળખ | 12 |
| 10 | આયોજન | 13 |
| 11 | સમય રેખા | 16 |
| 12 | ભૂમિકાઓ અને જવાબદારીઓ | 16 |
| 13 | ટેક્નોલોજી અને નવીનતાઓનો ઉપયોગ | 18 |
| 14 | ખાનગી, સ્વૈચ્છિક અને સહકારી ક્ષેત્રની મજબૂતાઈઓ પર લિવરેજ | 19 |
| 15 | ક્ષમતા નિર્ધારણ | 19 |
| 16 | પરિણામો | 20 |
| 17 | દેખરેખ | 20 |
| 18 | ટકાઉતા | 20 |
| | પુરવણી-I | 21 |
| | પુરવણી-II | 36 |

# મહાત્મા ગાંધી નું મોડેલ ગામનું સ્વપ્ન

મહાત્મા ગાંધીનો ગ્રામિણ વિકાસનો ખ્યાલ ‘સ્વરાજ’ને ‘સુરાજ’માં રૂપાંતર માટે મોડેલ ગામની આસપાસ ફરે છે

## ઉત્તમ ગામનું તેમનું સ્વપ્ન, તેમના શબ્દોમાં:

ઉત્તમ ભારતીય ગામ એવી રીતં બાંધવામાં આવશે કે તેની જાતે જ સેનીટેશન વ્યવસ્થા વિકસાવે. પાંચ માઇલની ત્રિજ્યામાં પ્રાપ્ત કરી શખાય તેવી સામગ્રીમાંથી બનાવેલ પૂરતા હવા અને ઉજાસવાળુ કોટેજ હશે. .... ગામડાની ગલીઓ અને શેરીઓ દૂર કરી શકાય તેવી ધૂળથી મુક્ત હશે.

તેની જરૂરિયાતો અને દરેક જણા ઉપયોગ કરી શકે તે પ્રમાણે તે કૂવાઓ ધરાવશે. તેમાં દરેકને માટે મંદિરો હશે, સર્વસામાન્ય બેઠક સ્થળ પણ હશે, એવું ગામ કે જેમાં તેના ઢોર માટે ઘાસચારો હોય, સહકારી ડેરી હોય, પ્રાથમિક અને સેકંડરી શાલાઓ હોય જેમાં ઔદ્યોગિક શિક્ષણ કેન્દ્ર સ્થાને હોય, અને તેમાં વિવાદોના ઉકેલ માટે પંચાયતો હશે. તે પોતાના અનાજ, શાકભાજી અને ફળોનું જાતે ઉત્પાદન કરશે અને પોતાની જ ખાદી હશે. મોડેલ ગામ અંગેનો આ મારો કાચો ખ્યાલ છે. (હરિજન, 9-1- 1937; વોલ્યુમ 64#: પૃષ્ઠ. 217-18.)

તે ગામને સુધરેલું તરીકે ગણવામાં આવે... જ્યાં સૌથી મોટા શક્ય સંભવિત અસંખ્ય ઉદ્યોગો વૃદ્ધિ પામે, જેમાં કોઇ પણ અશિક્ષિત ન હોય, જ્યાં માર્ગો ચોખ્ખા હોય, ખાલી કરાવવાનું નિશ્ચિત સ્થળ હોય, કૂવાઓ ચોખ્ખા હોય, વિવિધ સમુદાયોમાં એકરૂપતા હોય, અને અસ્પૃશ્યતાનો સંપૂર્ણપણે અભાવ હોય, જેમાં દરેક ગાયનું દૂધ, ઘી વગેરે સાધારણ જથ્થામાં મેળવતા હોય, જેમાં કોઇ પણ કામ વિના ન હોય અને જે ઝઘડાઓ અને ચોરીઓથી મુક્ત હોય ... (મુન્નાલાલ શાહને લખેલો પત્ર, 4-4-1941; Vol. 73#: પૃષ્ઠ. 421)

“સ્વરાજ ગામનો મારો ખ્યાલ એ છે કે તે સંપૂર્ણપણે પ્રજાસત્તાક હોય, પોતાની મહત્ત્વની જરૂરિયાતો માટે પોતાના પડોશીઓથી મુક્ત હોય, અને એકબીજા પર આંતરિક રીતે નિર્ભર હોય જેમાં નિર્ભરતા જરૂરી હોય. આમ દરેક ગામની પ્રથમ ચિંતા પોતાના ખોરાક પાક અને વસ્ત્રો માટે કપાસ પકવવવાની હશે. તેની પોતાના પ્રાણીઓ માટે અનામત હોવી જોઇએ, પુખ્તો અને બાળકો માટે મનોરંજન અને રમતનું મેદાન હોવું જોઇએ. ત્યાર બાદ જો વધુ જમીન ઉપલબ્ધ હોય, તો તે ગાંજો, તમાકુ, ચરસ અને તેના જેવા અન્ય સિવાય ઉપયોગી નાણાપયોગી પાક ઉગાડશે. દ્વામ ગામના થિયેટર, શાળા અને જાહેર હોલની જાળવણી કરશે. તેની પાસે પોતાનું વોટરવર્ક્સ હશે, જે ચોખ્ખા પાણી પુરવઠાની ખાતરી આપશે. આવું અંકુશિત કૂવાઓ અથવા ટાંકીઓ દ્વારા કરી શકાય. શિક્ષણ અંતિમ મૂળ અભ્યાસક્રમ સુધીનો ફરજિયાત રહેશે. શક્ય હોય ત્યાં સુધી દરેક પ્રવૃત્તિ સહકારી ધોરણે હાથ ધરાશે. આજની જેમ તેમાં પોતાના દરજ્જાયુક્ત અસ્પૃશ્યતા સાથેની જ્ઞાતિઓ હશે નહી. (હરિજન, 26-7-1942; વોલ્યુમ. 76#: પૃષ્ઠ. 308-9.)

દેશના દરેક પ્રેમી સામેનું કાર્ય ભારતના ગામડાઓનું પુનઃબાંધકામ એવી રીતે કરવું જેથી તે શહેરમાં જ હશે તેમ માની લેતા કોઇના પણ માટે સરળ જ રહેવાનું સરળ બને. હરિજન, 7–3–1936



# મહાત્મા ગાંધીના એકત્ર કરેલા કાર્યો

## 2. લક્ષ્યાંક

સાંસદ આદર્શ ગ્રામ યોજના (એસએજીવાય) મહાત્મા ગાંધીના વ્યાપક અને ઓર્ગેનિક સ્વપ્નને પ્રવર્તમાન સંદર્ભને ધ્યાનમાં રાખીને વાસ્તવિકતામાં રૂપાંતર કરશે.

## 3. સાંસદ આદર્શ ગ્રામ યોજનાના મૂલ્યો

માત્ર આંતરમાળખા વિકાસ ઉપરાંત, એસએજીવાય ગામડાઓમાં ચોક્કસ મૂલ્યોને અને તેમની પ્રજાને ઉત્તેજન આપવાનો હેતુ ધરાવે છે જેથી તેને અન્યો માટે મોડેલમાં સ્થાપિત કરી શકાય. આ મૂલ્યોમાં સમાવેશ થાય છે:

i. અંત તરીકે પ્રજાની ભાગીદારી અપનાવવી –જેથી ગામડાની જીવનમાં, ખાસ કરીને શાસનને સંબંધિત નિર્ણય લેવામાં સમાજના દરેક વર્ગોમાં સામેલગીરીની ખાતરી કરતા.

ii. અંત્યોદયાને વળગી રહેતા –ગામમાં "સૌથી ગરીબ અને નબળા વ્યક્તિ" ને સુખાકારી હાંસલ કરવાની ખાતરી કરવી

iii. જાતિ સમાનતાનો એકરાર કરતા અને મહિલા માટેના સન્માનની ખાતરી કરતા

iv. સામાજિક ન્યાયની બાંયધરી આપતા

v. શ્રમિકની પ્રતિષ્ઠા અને સામુદાયિક સેવા અને સ્વૈચ્છિકતાના ગુણને ઉત્તેજન આપતા

vi. ચોખ્ખાઈની સંસ્કૃત્તિને પ્રોત્સાહન આપતા

vii. કુદરતના મેળમા રહેવું – વિકાસ અને જીવવિજ્ઞાન વચ્ચે સંતુલીતતા જાળવતા

viii. સ્થાનિક સંસ્કૃત્તિ વારસાને જાળવતા અને પ્રોત્સાહન આપતા

ix. અરસપરસના સહકાર, સ્વ સહાય અને સ્વ-આધારની છાપ બેસાડવી

x. ગામડાના સમુદાયમાં શાંતિ અને એકરૂપતાનું સંવનન કરતા

xi. જાહેર જીવનમાં પારદર્શકતા, જવાબદારી અને ઈનામદારી લાવવી

xii. સ્થાનિક સ્વ-શાસનની જાળવણી કરતા

xiii. ભારતીય બંધારણના મૂળભૂત હક્કો અને મૂળભૂત ફરજોમાં દર્શાવેલ મૂલ્યોને વળગી રહેતા

## 4. ઉદ્દેશો

એસએજીવાયના મુખ્ય ઉદ્દેશો છે:

i. ઓળખી કઢાયેલ પંચાયતના પવિત્ર વિકાસમાં લઈ જયા તેવી પ્રક્રિયાને વેગ આપવો

ii. વસ્તીના દરેક વર્ગોના જીવનધોરણ અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરવો –

   a. સુધારેલી મૂળ સવલતો
   b. ઊંચી ઉત્પાદકતા
   c. વિસ્તરિત માનવ વિકાસ
   d. વધુ સારા ગુજરાનની તકો
   e. ઘટેલી અસમાનતાઓ
   f. હક્કો અને અધિકારોનો લાભ ઉઠાવવો
   g. બહોળું સામાજિક ચલિતતા
   h. સમૃદ્ધ સામાજિક મૂડી

iii. સ્થાનિક સ્તરના વિકાસ અને અસરકારક સ્થાનિક શાસનનું મોડેલનું સર્જન કરવું જે પડોશના ગ્રામ પંચાયતને શીખવા અને અપનાવવા માટે ઉત્તેજન અને પ્રેરણા આપી શકે

iv. સ્થાનિક વિકાસની શાળાઓએ ગ્રામ પંચાયતને તાલીમ આપવાની હોવાથી ઓળખી કઢાયેલ આદર્શ ગ્રામની જાળવણી કરવી

**એસએજીવાયનો હેતુ ગામડાઓમાં અને તેમની પ્રજામાં ચોક્કસ મૂલ્યોને ઉત્તેજન આપવાનો હેતુ છે જેથી તે અન્યો માટે મોડેલમાં સ્થાપિત થાય.**

## 5. ભૂતકાળમાંથી પાઠ

કેટલીક ગ્રામ પંચાયતોએ મુખ્યત્વે નેતાગીરી અને સામૂહિક પગલાંને પ્રેરણાને કારણે અપવાદરૂપ સિદ્ધિ દર્શાવી છે.આ પ્રકારની શ્રેષ્ઠ આચરણોમાંથી શીખતા, એ પણ મનમાં રાખવું પડશે કે સ્થાનિક સ્તર વિકાસને સંબંધિત ભૂતકાળના અનુભવો દ્વારા જાણવામાં આવ્યું છે તેમ વિવિધ પડકારો છે.સામાન્ય રીતે જે મુશ્કેલીઓનો સામનો કરવામાં આવે છે તે છે:

i. લાંબા ગાળે વિકાસના વિભાજિત સ્પપ્નને વિકસાવવાની અક્ષમતા

ii. પૂરા પાડવામા આવેલા વિકાસ ઈનપુટ અને સમુદાયની અસલ જરૂરિયાત વચ્ચે ભંગાણ

iii. સમાજના દરેક વર્ગો, ખાસ કરીને સીમાંત અને ઉંમરલાયકની ભાગીદારીનો અભાવ

iv. સામાજિક તબક્કાઓ અને ટકાઉ પરિણામને અવગણીને આંતરમાળખાકીય અને ખર્ચ પર ભાર

v. મુખ્યત્વે સરકારી સહાય આધાર અને સામુદાયિક યોગદાન અને સ્વ સહાય પર ભાર ન મુકવો

vi. વિવિધ યોજનાઓના ઓર્ગેનિક એકીકરણની ગેરહજરી

vii. સ્થળો અને નિવાસીઓને લાભોની ફાળવણી વિશે ગેરવાજબી નિર્ણયો જે બીજી દિશામાં વળતા હોય

viii. રાજકીય ભાગીદારી-જોયેલી અને ખરેખર

ix. સમુદાયના વિવિધ વર્ગોના સોશિયો-કલ્ચરલ મૂલ્યોની ઉપેક્ષા

x. અનેક વીજ માળખાઓની ઉપસ્થતિ અને સુમેળ સાધવાની પદ્ધતિનો અભાવ

xi. તાત્કાલિક લાભ માટે પર્યાવરણીય ચિંતાઓની અવગણના

xii. સામાજિક દૂષણો જેમ કે શરાબનું સેવન, દહેજ, જ્ઞાતિવાદ, કોમવાદ અને મહિલાઓ વિરુદ્ધ ભેદભાવની હાજરી

## 6. અભિગમ

આ ઉદ્દેશોને સર કરવાના હેતુથી, એસએજીવાયને નીચેના અભિગમ દ્વારા માર્ગદર્શિત કરવામાં આવશે:

i. મોડેલ ગ્રામ પંચાયત વિકસાવવા માટે સંસદસભ્યો (એમપી)ની નેતાગીરી, ક્ષમતા, પ્રતિબદ્ધતા અને શક્તિ પર ભાર મુકવો.

ii. ભાગીદારીપૂર્ણ સ્થાનક સ્તર વિકાસ માટે સમુદાયને સામેલ અને એકત્ર કરવો.

iii. પ્રજાની મહત્ત્વાકાંક્ષાઓ અને સ્થાનિક તકના સંદર્ભમાં વ્યાપક વિકાસ હાંસલ કરવા માટે વિવિધ સરકારી કાર્યક્રમો અને ખાનગી અને સ્વૈચ્છક પ્રયત્નોનું એકીકરણ કરવું.

iv. સ્વૈચ્છિક સંસ્થાઓ, સહકારી અને શૈક્ષણિક અને સંસાધન સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી.

v. પરિણામો અને ટકાઉતા પર ભાર મુકતા

મોડેલ ગ્રામ પંચાયત વિકસાવવા માટે સંસદસભ્યો (એમપી)ની નેતાગીરી, ક્ષમતા, પ્રતિબદ્ધતા અને શક્તિ પર ભાર મુકવો.

## 7. આદર્શ ગ્રામ યોજનામાં પ્રવૃત્તિઓ

આદર્શ ગ્રામ યોજનાએ પ્રજાની ક્ષમતાઓ અને ઉપલબ્ધ સ્રોતો શક્ય હોય એટલા મહત્તમ સ્તરે ઉપયોગ કરીને ભાગીદારીપૂર્ણ દૂરંદેશીતા વિકસાવવી, જેમાં એમપી, ગ્રામ પંચાયત, નાગરિક સમાજ અને સરકારી વિભાગો દ્વારા સવલત દ્વારા પૂરી પાડવામાં આવી હોય. આદર્શ ગ્રામ યોજનાના તત્ત્વો સંદર્ભ આધારિત હોય તે સ્વભાવિક છે. આમ છતાં અગત્યની પ્રવૃત્તિઓને ઓળખી કાઢવી હજુ પણ શક્ય છે. તેમાં નીચેનાનો સમાવેશ થશે:

# એસએજીવાય દ્વારા સાકલ્યવાદી વિકાસ




## a. અંગત વિકાસ

i. હાઇજેનિક વર્તણૂંક અને આચરણોની છાપ બેસાડવી

ii. દૈનિક કસરત અને રમતો સહિતની તંદુરસ્ત આદતોનું સંવર્ધન

iii. જોખમી વર્તણૂંક ઘટાડવી – શરાબનું સેવન, ધુમ્રપાન, માદક પદાર્થની લત વગેરે.

## b. માનવ વિકાસ

i. હેલ્થ કાર્ડ, તબીબી તપાસને સમાવતી પ્રાથમિક આરોગ્ય સવલતોનો સાર્વત્રિક લાભ

ii. સંપૂર્ણપણે ચેપમુક્ત

iii. જાતિ ગુણોત્તરને સંતુલીત કરતા

iv. ૧૦૦% સંસ્થાકિય ડિલીવરી

v. ખાસ કરીને બાળકો, કિશોર વસ્થાની છોકરીઓ, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓ પર ખાસ ભાર મુકીને દરેક માટે પોષણના દરજ્જામાં સુધારો કરતા

vi. વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓની ખાસ જરૂરિયાતો પર સખત ભાર (પીડબ્લ્યુડી), ખાસ કરીને બાળકો અને મહિલાઓ

vii. વર્ગ ૧૦ અને રિટેન્શન (જાળવી રાખવા) સુધીની શૈક્ષણિક સવલતોમાં સાર્વત્રિક પ્રવેશ

viii. શાળાઓનું સ્માર્ટ શાળામાં રૂપાંતર. સ્માર્ટ શાળા આઇટી સક્ષમ વર્ગો, ઇ-લાયબ્રેરી, વેબ આધારિત શિક્ષણ ધરાવશે અને દરેક વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા માટે જરૂરી ઇ-લિટરેટ બનાવશે

ix. પુખ્ત શિક્ષણ

x. ઇ-લિટરસી

xi. ઇ-લાયબ્રેરી સહિત ગામના ગ્રંથાલયો

## c. સામાજિક વિકાસ

i. ભારત નિર્માણ સ્વયંસેવક જેવા સ્વૈચ્છિકવાદને પ્રોત્સાહન જેવી પ્રવૃત્તિઓ

ii. પ્રજા સ્થાનિક વિકાસમાં સંપૂર્ણપણે ભાગ લઇ શકે અને યોગદાન આપી શકે તે માટે ક્ષમતા ઊભી કરવી

iii. ગામના વૃદ્ધોને માન આપવા માટેની પ્રવૃત્તિઓ, ખાસ કરીને મહિલાઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોની સ્થાનિક નમૂનારૂપ ભૂમિકાઓ

iv. હિંસા અને ગુન્હામુક્ત ગામ માટેની પ્રવૃત્તિઓ જેમ કેઃ
   a. નાગરિક સમિતિઓની સ્થાપના
   b. ખાસ કરીને યુવાનોને સમજાવટ

v. ગામડાની રમતો અને લોક કલા તહેવારો

vi. પ્રજામાં ગર્વની લાગણીને ઉત્તેજન આપવા ગ્રામ ગીત હોવું

vii. 'ગ્રામ દિન'ની ઉજવણી કરતા

viii. ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જેવા વંચિત જૂથોની સામાજિક સમાવેશીતા અને સંકલિતતા માટેના સક્રિય પગલાંઓ.

## d. આર્થિક વિકાસ

i. જાનવરો અને બાગાયત સહિત વૈવિધ્યકૃત કૃષિ અને સંબંધિત ગુજરાનને નીચેના દ્વારા પ્રોત્સાહન આપવું -
   a. ઓર્ગેનિક ખેતી
   b. સોઇલ હેલ્થ કાર્ડ
   c. SRI જેવા પાકની વધુ તીવ્રતા
   d. બિયારણ બેન્કની સ્થાપના કરવી
   e. ગોબર બેન્ક અને પ્રાણીઓની હોસ્ટેલ સહિત નોન ટીમ્બર ફોરેસ્ટ પ્રોડ્યૂસ, જામવરોના વિકાસનું એકત્રીકરણ એ મૂલ્ય વર્ધિતતા

f. ગોબર બેન્ક, પ્રાણીઓની હોસ્ટેલ સહિત જાનવરોનો વિકાસ

g. સૂક્ષ્મ સિંચાઇ

h. કૃષિ સેવા કેન્દ્રો

ii. ગ્રામ્ય ઔદ્યોગિકરણ જેમ કે:

a. પાક પછીની ટેક્નોલોજી એપ્લીકેશનો

b. સૂક્ષ્મ સાહસો

c. ડેરી વિકાસ અને પ્રોસેસીંગ

d. ફૂડ પ્રોસેસીંગ

e. પરંપરાગત ઉદ્યોગો

iii. સ્વ-રોજગારી અને પ્લેસમેન્ટ માટે લાયકાત ધરાવતા યૂવાનોમાં કુશળતા વિકાસ

iv. ઇકો-ટુરીઝમ સહિત ગ્રાય પ્રવાસન

ઉપરોક્ત દરેક પ્રવૃત્તિઓએ ખાસ કરીને દરેક નિવાસીઓને ગરીબીમાંથી બહાર કાઢવા પર ભાર મુકવો જોઇએ, જેના માટે મહિલા એસએચજીઓનું આયોજન અને એકત્રીકરણ, દરેક કામદારોને રોજગારી પૂરી પાડવી અને નાણાંકીય સમાવેશીતા પ્રાપ્ત કરવી અત્યંત અગત્યની છે.

## e. પર્યાવરણીય વિકાસ

i ચોખ્ખા અને હરિયાળા ગામ ટેની પ્રવૃત્તિઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

a. પ્રત્યેક ઘરોમાં અને દરેક જાહેર સ્થળોએ શૌચાલય પૂરા પાડવા અને તેનો યગ્ય ઉપયોગ થાય તેની ખાતરી રાખવી

b. યોગ્ય સોલિડ અને લિક્વીડ વેસ્ટ મેનેજમેન્ટ

ii. માર્ગ તરફે રોપણ

iii. ગ્રીન વોક્વે સહિત ઘરના પ્રાંગણમાં, શાળાઓમાં, જાહેર સંસ્થાઓમાં સ્થાનિક પસંદગીઓ અનુસાર વૃક્ષા રોપણસંસ્થાઓ

iv. સામાજિક વનસંવર્ધન

v. ખાસ કરીને પરંપરાગત જળ સંગ્રહોના જીર્ણોદ્ધાર અને પુન:સજીવનરૂપી વોટરશેડ સંચાલન

vi. રેઇનવોટર હાર્વેસ્ટીંગ-છતની ટોચ તેમજ અન્ય

vii. હવા, પાણી અને જમીનના સ્થાનિક પ્રદૂષણમાં ઘટાડો કરવો

## f. મૂળ સવલતો અને સેવાઓ

i. કાચા મકાનોમાં દરેક મકાનવિહોણા ગરીબ/ગરીબીમાં જીવતા માટે પાકા ઘરો

ii. પીવાનું પાણી, ઘરોમાં નળ સાથે સારવારયુક્ત પાઇપની પસંદગી કરીને

iii. ઢંકાયેલી ગટરો સાથે દરેક વાતાવરણયુક્ત આંતરિક માર્ગો

iv. મુખ્ય માર્ગ નેટવર્ક સુધી દરેક વાતાવરણ યોગ્ય માર્ગ જોડાણ દરેક ઘરો અને શેરીની લાઇટો સહિત ઉર્જા, ખાસ કરીને સૂર્ય ઉર્જાના વૈકલ્પિક સ્રોત મારફતે વીજ જોડાણ

vi. જાહેર સંસ્થાઓ-આંગણવાડીઓ, શાળાઓ, આરોગ્ય સંસ્થાઓ, ગ્રામ પંચાયત ઓફિસ અને ગ્રંથાલયો માટે પાકું આંતરમાળખું

vii. કોમ્યુનિટી હોલ્સ, એસએચજી ફેડરેશનો માટે ઇમારત, રમતનું મેદાન અને દાટવાના મેદાનો /સ્મશાન સહિત નગર આંતરમાળખું

viii. ગ્રામ્ય બજારો

ix. પીડીએસ કેન્દ્રો માટે આંતરમાળખુ

x. સૂક્ષ્મ લઘુ બેન્કો/ પોસ્ટ ઓફિસો/ એટીએમ

xi. બ્રોડબેન્ડ કનેક્ટીવીટી અને કોમન સર્વિસ કેન્દ્રો

xii. ટેલિકોમ કનેક્ટીવીટી

xiii. જાહેર સ્થળોએ CCTV

## g. સામાજિક સલામતી

i. લાયક પરિવારો માટે નિવૃત્તિ – વૃદ્ધાવસ્તા, વિકલાંગતા અને વિધવા

ii. વીમા યોજનાઓ જેમ કે આમ આદમી બીમા યોજના

iii. આરોગ્ય વીમો –આરએસબીવાય

iv. પીડીએસ-દરેક લાયક ઘરોમાં સાર્વત્રિક પ્રવેશ

## h. સુશાસન

i. મજબૂત અને જવાબદાર ગ્રામ પંચાયતો અને સક્રિય ગ્રામ સભાઓ દ્વારા સ્થાનિક લોકશાહીને મજબૂત કરવી

ii. વધુ સારી સેવા ડિલીવરીમાં પરિણમતા ઇ-ગવર્નન્સ

iii. દરેકને યુઆઇડીએઆઇ કાર્ડઝની જોગવાઇ

iv. સરકારી અને પંચાયતના કર્મચારીઓની નિયમિત અને સમયસર હાજરીની ખાતરી કરવી

v. વિભાગના સિટીઝન્સ ચાર્ટર અનુસાર સમય નિર્ધારિત સેવા ડિલીવરી

vi. દરેક ગ્રામસભા પહેલા મહિલા ગ્રામ સભાનું આયોજન

vii. વર્ષમાં ઓછામાં ઓછા ૪ વખત ગ્રામસભાનું આયોજન કરવું

viii. દરેક ત્રિમાસિકમાં બાલ સભાનું આયોજન

ix. જનતાની જાણકારીના કાર્યક્રમના અમલીકરણને લગતી દરેક માહિતીની અને સ્થાનિક ભાષામાં ભીંત લખાણ અને નોટીસબોર્ડ પરના લખાણ દ્વારા સક્રિય જાહેરાત. જેમાં લાભાર્થીઓની યાદી, ચીજ દીઠ બજેટ અને ખર્ચનો આવશ્યકપણે સમાવેશ થવો જોઇએ.

x. માહિતી પ્રદાન કેન્દ્ર તરીકે કાર્ય કરતી ગ્રામ પંચાયત

xi. પ્રજા દ્વારા કરાયેલી ફરિયાદનું સમયસર નિવારણ જેમ કે:

1. ગ્રામ પાંચાયત/ચાર્જ ઓફિસરને દરેક પ્રકારની ફરિયાદ સુપરત કરવાની રહેશે અને તારીખવાળી પહોંચ આપવાની રહેશે

2. ફરિયાદો લેખિત જવાબની સાથે ત્રણ સપ્તાહમાં નિકાલ લાવવાનો રહેશે

3. ફરિયાદો ઉઠાવવા અને તેમના નિકાલ માટે નિયમિત ખુલ્લા પ્લેટફોર્મસનું સંસ્થાકિયકરણ, જેનું સંકલન ગ્રામ પંચાયત દ્વારા થતું હોય.

xii. મગનરેગા હેઠળ સ્થાપવામાં આવેલા સોશિયલ ઓડીટ યુનિટ્સની મદદથી ગ્રામસભા દ્વારા અમલ કરાયેલા કાર્યક્રમનું અર્ધવાર્ષિક સોશિયસલ ઓડીટ

## 8. વ્યૂહરચના

ઓળખી કઢાયેલા ગામને આદર્શ ગ્રામમાં નિર્દિષ્ટ પ્રવૃત્તિઓ દ્વારા રૂપાંતર કરવાના હેતુ માટે નીચે જણાવેલ શક્ય વ્યૂહરચનાઓ છે:

a. સકારાત્મક સર્વસામાન્ય ક્રિયા તરફે સમુદાયને શક્તિવાન અને એકત્ર કરવા માટેની પ્રારંભિક બિંદુની પ્રવૃત્તિઓ

b. સંકલિત રીતે પ્રજાની જરૂરિયાતો અને અગ્રિમતાઓને ઓળખી કાઢવા માટે ભાગીદારીપૂર્ણ આયોજન કવાયત

c. કેન્દ્રના ક્ષેત્ર અને કેન્દ્ર દ્વારા સ્પોન્સર કરાયેલી યોજનાઓના સ્ત્રોતોનું અને શક્ય હોય એટલી હદે અન્ય રાજ્યની યોજનાઓનું એકીકરણ.

d. શક્ય હોય એટલી હદે પ્રવર્તમાન આંતરમાળખાની મરમ્મત અને નવીનીકરણ.

e. ગ્રામ પંચાયત અને તેની અંદરની લોકોની સંસ્થાને મજબૂત બનાવવી

f. પારદર્શકતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવું

**કેન્દ્રના ક્ષેત્ર અને કેન્દ્ર દ્વારા સ્પોન્સર કરાયેલી યોજનાઓના સ્ત્રોતોનું અને શક્ય હોય એટલી હદે અન્ય રાજ્યની યોજનાઓનું એકીકરણ**

**સકારાત્મક સર્વસામાન્ય ક્રિયા તરફે સમુદાયને શક્તિવાન અને એકત્ર કરવા માટેની પ્રારંભિક બિંદુની પ્રવૃત્તિઓ**

વ્યૂહરચનાની કાર્યરતતા માટે કેન્દ્ર દ્વારા સ્પોન્સર કરવામાં આવેલી સૂચિત ફ્રેમવર્ક યાદીનો ઉપયોગ વિવિધ પ્રવૃત્તિઓ, તેમના ઉત્પાદન અને પરિણમો માટે ઉપયોગ કરી શકાય છે, જેને વિગતવાર **પુરવણી ૧**માં આપવામાં આવ્યું છે. કાર્યરતતાની વિગતોને સ્થાનિક રીતે સંદર્ભિત કરવાની જરૂર છે, જરૂર પ્રમાણે વિસ્તારી શકાય છે અને નવીન ખ્યાલો સાથે બહાર પાડી શકાય છે.

## 9. આદર્શ ગ્રામની ઓળખ

ગ્રામ પંચાયત મૂળ એકમ રહેશે. તેમાં સપાટ વિસ્તારોમાં ૩૦૦૦-૫૦૦૦ની વસ્તી અને ટેકરી, આદિજાતિ અને વિપરીત વિસ્તારોમાં ૧૦૦૦-૩૦૦૦ની વસ્તી હશે. જે જિલ્લાઓમાં આ એકમ કદ્ ઉપલબ્ધ ન હોય ત્યાં ગ્રામ પંચાયત કે જે ઇચ્છનીય વસ્તી કદ ધરાવતી તેની પસંદગી કરી શકાય છે.

એમપી, તેના/તેણીના અથવા તેના/ તેણીના પત્ની સિવાય આદર્શ ગ્રામ તરીકે વિકસાવવામાં આવી રહ્યા હોય તેમાં ટકાઉ ગ્રામ પંચાયતને ઓળખી કાઢવા માટે સ્વતંત્ર રહેશે.

એમપી તાત્કાલિક હાથ ધરવા માટે એક ગ્રામ પંચાયતને ઓળખી કાઢી શકે છે અને બાકીની બેને થોડા સમય પછી હાથમાં લઇ શકે છે. લોક સભા એમપીએ તેના/તેણીના મતવિસ્તારમાંથી ગ્રામ પંચાયતની અને રાજ્ય સભાના એમપીએ તે/તેણી જ્યાંથી ચૂંટાયા હોય તે રાજ્યમાં તેના/તેણીના પસંદગીના જિલ્લાના ગ્રામિણ વિસ્તારમાંથી ગ્રામ પંચાયતની પસંદગી કરવાની રહેશે. નોમિનેટેડ એમપી દેશના કોઇ પણ જિલ્લાના ગ્રામિણ વિસ્તારમાંથી ગ્રામ પંચાયતની પસંદગી કરી શકે છે. શહેરી મતવિસ્તારના કિસ્સામાં (જ્યાં ગ્રામ પંચાયત ન હોય), ત્યાં એમપી નજીકના ગ્રામિણ મતવિસ્તારમાંથી ગ્રામ પંચાયતને ઓળખી કાઢશે.

મુખ્યત્વે ૨૦૧૯ સુધીમાં ત્રણ આદર્શ ગ્રામ વિકસાવવાનો હેત છે, જેમાંથી એકની સિદ્ધિ ૨૦૧૬ સુધીમાં કરવાનો છે. ત્યારબાદ પાંચ આવા આદર્શ ગ્રામ (વર્ષે એક)ની ૨૦૨૪ સુધીમાં વિકસાવવા માટે પસંદગી કરવામાં આવશે.

# 10. આયોજન

દરેક નિવાસી ગરીબીમાંથી બહાર આવી શકે તેમાં મદદ કરવાના ખાસ ભાર સાથે ઓળકી કઢાયેલ દરેક ગ્રામ પંચાયત માટે ગામ વિકાસ યોજના તૈયાર કરવામાં આવશે.

ઔપચારીક યોજનાની રચના શરૂ થાય તે પહેલા, પદ્ધતિસરના પર્યાવરણની રચના અને સામાજિક એકત્રીકરણ થવું જોઇએ, જેનું નેતૃત્વ એમપી તેનાદ્વારા/તેણીદ્વારા કરવામાં આવશે. ગ્રામ પંચાયત સંપૂર્ણપણે સામેલ હોવી જોઇએ. તેની થોડી પ્રવૃત્તિઓ કે જેની વિચારણા કરી શકાય તે છેઃ

a. ગ્રામસભા, મહિલા સભા, બાલ સભા સાથે બેઠક (ચર્ચા)

b. યૂથ ક્લબ સહિત વ્યાવસાયિક જૂથો અને સ્થાનિક સંસ્થાઓ સાથે બેઠક (ચર્ચા)

c. સાંસ્કૃતિક એ રમત ઘટનાઓનું આયોજન

d. ભીંતલખાણ, શિબીર, પદયાત્રા, નુક્કડ નાટક વગેરે.

e. ગામને પ્રથમ ક્રમનું મોડેલ કેવી રીતે બનાવી શકાય તેની પરની ચિત્રો અને સાક્ષરતા સ્પર્ધાઓ

f. ગામના વિકાસમાં શ્રેષ્ઠ આચરણોના વીડિયોનું પ્રદર્શન

આ પ્રવૃત્તિઓ ગામ શેના જેવું હોવું જોઇએ અને ગ્રામવાસીઓના ઉત્સાહને પ્રેરે તેના વ્યાપક સામૂહિક સ્વપ્નમાં પરિણમશે. ત્યાર બાદ બે તબક્કાની ભાગીદારી આયોજન પ્રક્રિયાનું સુચુન કરવામાં આવે છે, જેમાં એમપી અગ્રણી સહાયકર્તાની ભૂમિકા ભજવે છે, તેની સાથે ગ્રામ પંચાયત અને જિલ્લા કલેક્ટર જરૂરૂ વ્યાવસાયિક અને સંકલન ટેકો આપે છે.

પ્રથમ તબક્કામાં, વર્તણૂંકની રીતે અને સામાજિક ફેરફારો મારફતે પ્રજાએ તેમની જાતે અમલી બનાવેલ હોય તેવી પ્રવૃત્તિઓને સ્વસહાય અને અરસપરસની સહાય, શ્રમદાન, સ્થાનિક યોગદાનકર્તાઓ અને સ્થાનિક સ્ત્રોતો દ્વારા ઓળખી કાઢવાની જરૂર છે. તેમાં નીચેનાનો સમાવેશ થઇ શકે છે:

a. દરેક ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સરકારી વિભાગો સહિત સમુદાય ધરાવવો, સામૂહિક પ્રતિજ્ઞા લે છે કે સમુદાય નિશ્ચિત સમય મર્યાદામા આર્થિક ઉત્થાનની દિશામાં કામ કરશે, જેથી ગામમાં કોઇ પણ પરિવાર ગરીબી રેખા હેઠળ દુઃખી રહેશે નહી.

b. ભારતીય બંધારણના મૂળભૂત હક્કો અને મૂળભૂત ફરજોને સામૂહિક રીતે વાંચી જતા અને પુનઃસ્થાપિત કરતા.

c. આરોગ્ય કેમ્પ્સનું આયોજન કરવું

d. સફાઇ ઝુંબેશનું આયોજન કરવુ

e. પ્રાણી આરોગ્ય કેમ્પ્સ હાથ ધરવા

f. હાજરી અને સેવાની ડિલીવરીની ગુણવત્તામાં સુધારો લાવવા માટે આંગણવાડીમા દરમિયાનગીરી

g. પીટીએ સાથેની ભાગીદારીમાં હાજરીમાં સુધારો કરવા, ગુણવત્તાયુક્ત શિક્ષણમાં વધારો કરવા, મધ્યાહ્ન ભોજનની ગુણવત્તામાં સુધારો કરવા વગેરે માટે સ્થાનિક શાળાઓમાં દરમિયાનગીરી કરવી.

h. વૃક્ષા રોપણ કરવું

i. એસએચજીમાં પુનઃસંચાર/આયોજન

j. મગનરેગા હેઠળ રોજગાર દિવસનું આયોજન કરવું

k. જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ)માં સુધારો કરવો

l. જિલ્લા કલેક્ટર અને મહત્ત્વના ખાસ કરીને નાગરિક પુરવઠા, સામાજિક કલ્યાણ, જમીન મહેસુલ વગેરે જિલ્લા સ્તરને સંબધિત અધિકારીઓની ભાગીદારી સાથે ફરિયાદ નિવારણ કેમ્પ્સનું આયોજન કરવું.

આ તબક્કા દરમિયાન ખાસ કરીને અંગત, માનવ, સામાજિક અને પર્યાવરણ વિકાસ અને સુશાસનને સંબધિત હોય તેવી દરેક કક્ષાઓમાંથી શક્ય હોય એટલી તમામ પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ. તેની સાથે જ, બીજા તબક્કાનું પ્રથમ પગલું એવા સ્થળ વિશ્લેષણને પણ હાથ ધરી શકાય છે.

આ પ્રવૃત્તિઓ મારફતે, ગામના સમુદાયે પોતાની સંપૂર્ણ ઇચ્છાથી યોજનાને હાથ ધરવાની પોતાની ઇચ્છા દર્શાવી હશે, જે પછીના તબક્કાના અમલીકરણને વેગ આપે છે.

તેથી આયોજન પ્રક્રિયાનો બીજો તબક્કો નીચેના વ્યાપક પગલાંઓને પગલે સતત રાખી શકાયઃ

## 1. સ્થળ વિશ્લેષણ:

આનો કદાચ, પ્રથમ તબક્કા દરમિયાન જ પ્રારંભ કરી શકાયો હોત, જે બે ભાગવાળી પ્રક્રિયા છે-બન્નેને એકી સમયે જ હાથ ધરાય છે

i. <u>બેઝલાઇન સર્વેક્ષણ,</u> જેના બે હેતુઓ છે; પ્રથમ, વિકાસના વિવિધ વિસ્તારોમાં પ્રવર્તમાન પરિસ્થિતિની વિગતો ઓળખી કાઢવા માટે, જેથી સુધારાઓ આના માપદંટ પ્રમાણે હોય.

બીજુ, આંતરમાળખુ, સવલતો અને સેવાઓમાં ઉણપો અને શૂન્યાવકાશ પર પ્રાથમિક માહિતી પૂરી પાડવા તેમજ ભવિષ્યના આર્થિક અને માનવ વિકાસ માટેની તક. આ મોટે ભાગે નિષ્ણાત એજન્સી દ્વારા કરવામાં આવવું જોઇએ. તેના વિકલ્પમાં, શૈક્ષણિક સંસ્થા અથવા તાલીમ પામેલા નિષ્ણાતોના જૂથને આ કાર્યમાં લગાડી શકાય. બેઝલાઇન સર્વેક્ષણમાં સમાવી શકાય તેવા પરિબળોનું પુરવણી-IIમાં સુચન કરવામાં આવ્યું છે. વધુમાં સ્થાનિક રીતે સંબંધિત ચીજોને ઉમેરી શકાય.

ii. ભાગીદારીપૂર્ણ સ્થળ વિશ્લેષણ: આવું તાલીમ પામેલા સહાયકર્તાઓ સામેલ હોય તેમના દ્વારા થવું જોઇએ. આ તાલીમ એનઆઇઆરડી અને પીઆર દ્વારા ગોઠવી શકાય છે. ચાવીરૂપ ભાગીદારીપૂર્ણ તરકીબો જેનો ઉપયોગ કરી શકાય છે તે છેઃ

* સામાજિક નકશો: ખાસ કરીને મહિલાઓ દ્વારા ઘરના માણસોનું નિરૂપણ કરતો સ્થાનિક વ્યક્તિઓ દોરવામાં આવેલો આ નકશો છે.



જે વિવિધ કક્ષાઓ, અગત્યની સંસ્થાઓ, ભૌતિક અને સામાજિક માળખા અને અન્ય સવલતો અનુસાર બનાવવામાં આવેલ છે.

* રિસોર્સ મેપીંગ: તે ગામના ધોરણે કુદરતી અને ભૌતિક સ્રોતોને સમજવામાં મદદ કરે છે. તે પણ સ્થાનિક વ્યક્તિઓ દ્વારા બનાવવામાં આવેલ છે અને નકશામાં નીચેની બાબતો દેખાડશે:

◊ જમીન વપરાશ

◊ જળ સંગ્રહો

◊ સિંચાઇ માળખાઓ

◊ જમીનની ભૌતિક રૂપરેખા – જે ઢાળ, ઉતારચડાવ, ગટર વ્યવસ્થા વગેરે.



રિસોર્સ મેપ સૂક્ષ્મ-વોટરશેડ્ઝનું રેખાચિત્ર દર્શાવશે અને કૃષિ વિકાસ અને કુદરતી સ્રોત સંચાલન માટેની તક ઓળખી કાઢવામાં સહાય કરશે.

* નીડ્ઝ મેટ્રીક્સ: ગામ અને તેમની અગ્રિમતાઓની સામૂહિક જરૂરિયાતોનું વાજબી રીતે મૂલ્યાંકન કરવા માટે સ્થાનિક નિવાસીઓના અનેક વર્ગોની સામેલગીરી સાથે તૈયાર કરવામાં આવે છે.

પરિસ્થિતિ વિશ્લેષણ મારફતે એકત્ર કરવામાં આવેલી માહિતીને જીઆઇએસ પ્લેટફોર્મ પર ઝડપી લેવી જોઇએ.

## 2. પ્રથમ તબક્કાની કામગીરીની સમીક્ષા

પ્રથમ તબક્કામાં કામગીરીના નિર્ણાયક મૂલ્યાંકન માટે જિલ્લા કલેક્ટર, ગ્રામ પંચાયત અને સમુદાય સાથે એમપીના નેતૃત્વમાં કવાયત હાથ ધરવામાં આવશે – એટલે કે ગામ પોતાની રીતે હાંસલ કરવા સક્ષમ છે અને વાજબી સમયગાળામાં સંપૂર્ણ કરવા માટે નિઃશંકપણે સક્ષમ છે.

આ મૂલ્યાકનના આધારે ગામ વ્યૂહરચના-નિર્ધારણના પછીના પગલા તરફ આગળ વધી શકે છે.

## 3. વ્યૂરચના નિર્ધારણ:

પ્રથમ તબક્કાની સમીક્ષા અને બેઝલાઇન સર્વેક્ષણની માહિતી અને ભાગીદારીપૂર્ણ મૂલ્યાંકનોને આધારે હિસ્સેદારો, અધિકારીઓ અને નિષ્ણાતોનું પસંદગીનું જૂથ વિકાસ અને પ્રવૃત્તિઓ કે કાર્યરતતા માટે જરૂરી હોય તેનું સૂચન કરી શકે છે. બીજા શબ્દોમાં, યોજનાઓ અને પ્રોજેક્ટ્સ કે જરૂરી હોય તેની રૂપરેખા નક્કી કરાશે.

## 4. સ્રોત એન્વેલપને ઓળખી કાઢતા:

ઉપલબ્ધ સ્રોતને મેપ કરવાની જરૂર રહે છે. વ્યાપક રીતે તેમને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય:

i. સંપૂર્ણપણે ગઠિત યોજનાઓના સ્ત્રોતો –કેન્દ્ર અને રાજ્ય દ્વારા સ્પોન્સર – જેમ કે આઇએવાય, પીએમજીએસવાય વગેરે.

ii. સ્ત્રોતો કે અંશતઃ રીતે

iii. ગઠિત હોય અને નગનરેગ્સ, આરકેવીવાય, એનઆરએલએમ, એનએચએમ, એસએસએ વગેરે જેવાનો અનુકૂળ રીતે ઉપયોગ કરવાની મંજૂરી આપતા હોય.

iv. સ્ત્રોતો કે મોટેભાગે જેમ કે બીઆરજીએફ, એમપીએલએડીએસ વગેરે સાથે જોડાયેલા હોય, જે જરૂર લાગે ત્યારે અગત્યના શૂન્યવકાશને ભરવા માટે ભારે અનુકૂળતા પૂરી પાડતા હોય. એમએલએની સ્થાનિક વિસ્તારની વિકાસ યોજનાને પણ તેમની મંજૂરીની શરતે સાંકળી શકાય.

v. ગ્રામપંચાયતના સ્પષ્ટ સંયુક્ત સ્ત્રોતો જેમ કે મહેસુલ, કેન્દ્રિય અને રાજ્ય નાણાંકીય પંચ સહાય વગેરે.

vi. સ્ત્રોતો કે જેને સ્થાનિક ધોરણે રોકડ, કૃપા અને શ્રમના સ્વરૂપમાં એકત્ર કરી શકાય

vii. સીએસઆર ભંડોળો.

ઉપરોક્ત સ્ત્રોતોની કક્ષાઓનો મહત્તમ એકરૂપતા પેદા કરવા માટે રૂપાંતરીત અને સંકલિત રીતે ઉપયોગ કરવો જોઇએ. સંબંધિત કેન્દ્રિય ક્ષેત્ર/ કેન્દ્ર દ્વારા સ્પોન્સર કરાયેલી યોજનાઓ/ કાર્યક્રમો, મંત્રાલયો વિભાગોના સંદર્ભમાં આદર્શ ગ્રામને અપાનારી અગ્રિમતા પૂરી પાડવા માટે માર્ગદર્શિકામાં યોગ્ય ફેરફારો કરશે.

## 5.જરૂરિયાતોનું આખરી સ્વરૂપ:

આવું બે ભાગની પ્રક્રિયાઓ દ્વારા શ્રેષ્ઠ રીતે કરી શકાય છેઃ પ્રથમ ભાગ એ કે જેમાં વિવિધ હિસ્સેદારો ખાસ કરીને મહિલા એસએચજી અને ખેડૂતોના જૂથો છે અને બીજો ભાગ ગ્રામસભામાં ચર્ચાનો છે. આ જાહેર બેઠકમાં કવાયતના પરિણામોનો સારાંશ સરળ અને સ્પષ્ટ રીતે રજૂ કરવાનો રહેશે અને જરૂરિયાતો અને અગ્રિમતાઓને શક્ય હોય એટલી સાધારણ રીતે અને પક્ષપાતવિના આખરી સ્વરૂપા અપાય છે.

## 6.ગામ વિકાસ યોજના (વીડીપી) મુસદ્દાની તૈયારી:

પ્રજા દ્વારા જે જરૂરિયાતોને અગ્રિમતા આપવામાં આવી છે તેના આધારે ગામ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા માટે અધિકારીઓ અને બહારના વ્યાવસાયિકો/નિષ્ણાતોને સમાવતા એક કાર્યકારી જૂથની જિલ્લા કલેક્ટર દ્વારા સ્થાપના કરવામાં આવશે. વીડીપીમાં પ્રવૃત્તિઓ, યોગદાનો અને પ્રથમ તબક્કાની સિદ્ધિઓનો પણ સાવેશ થવો જોઇએ.

જેમાંથી ટાઇમલાઇન્સ સાથે સંભવિત પરિણામો અને નિષ્કર્ષ દર્શાવવા જોઇએ.

## 7.ગ્રામ સભા દ્વારા વીડીપીને મંજૂરી:

મુસદ્દા વીડીપીને ચર્ચા અને મંજૂરી માટે ગ્રામસભા સમક્ષ રજૂ કરવામાં આવશે.

## 8.વીડીપીની મંજૂરી:

આવું એમપીની હાજરીમાં તેની/તેણીની ટિપ્પણીઓ અને સુચનોને વિચારીને જિલ્લા કલેક્ટરની આગેવાનીમાં જિલ્લા સ્તરની સમિતિ દ્વારા કરવામાં આવશે. વીડીપીને મંજૂરી આપતી વખતે, ત્રણ મહિના, છ મહિના, નવ મહિના, એક વર્ષ અને તેનાથી વધુના સમય માટેના ચોક્કસ લક્ષ્યાંકો સાથે વિવિધ ઘટકોને દૂર કરવાનો સ્પષ્ટ સંકેત આપશે.

## 9.પરિયોજનાકરણ અને સંમતિઓ:

મંજૂર કરાયેલી યોજનાઓના ઘટકોનું ત્યાર બાદ પરિયોજનાકરણ સંબંધિત વિભાગીય અધિકારીઓ દ્વારા કરવામાં આવશે, જેમણે બાદમાં જરૂર લાગે ત્યાં વહીવટીય, નાણાંકીય અને ટેકનિકલ સંમતિઓ જે તે યોજનાની માર્ગદર્શિકા હેઠળ મેળવશે. જિલ્લા કલેક્ટર અંગત રીતે આ કવાયતનું સંકલન કરશે જેથી તેને સરળ અને સમય નિર્ધારિત બનાવી શખાય. તેને ચાર્જ અધિકારી દ્વારા મદદ કરવામાં આવશે.

## 10.જાહેરાત અને પ્રચાર:

દરેક પ્રક્રિયાઓની વિગતો અને ભૌતિક અને નાણઆંકીય તબક્કાઓ અને સંભવિત પરિણામ અને નિષ્કર્ષને સમાવતા દરેક ઘટકોને સક્રિય રીતે જાહેર કરાશે અને વ્યાપક રીતે પ્રચાર કરાશે.

એની ખાતરી રાખવી પડશે કે આયોજનની પ્રક્રિયા મૂળભૂત રીતે પર્યાવરણ સર્જન અને સામાજિક એક્ત્રીકરણ કવાયતમાંથી ઉત્પન્ન થાય, જે આના માટે ભૂમિકા તૈયાર કરે છે. તેમજ, આને નિયમિત અથવા ટેકનિકલ કવાયત બનતા તેને રોકવાની પૂરતી સંભાળ લેવી જોઇએ.

એન.બીઃ આ યોજના હેઠળ ડિલીવરી આપી શકાય તેને તાત્કાલિક (૩ મહિનામાં), મધ્યમ ગાળામાં (૧ વર્ષમાં) અને લાંબા ગાળા (૧ વર્ષથી વધુ) તરીકે વર્ગીકૃત્ત કરી શકાય છે અને અહેવાલ આપી શકાય છે.

# 11. ટાઈમલાઈન્સ

યોજનાને આખરી સ્વરૂપ આપવાની સાથે અંગત અને સામાજિક સ્તરે 'નરમ' દરમિયાનગીરી સહિત વિવિધ પ્રવૃત્તિઓ માટે ટાઈમલાઈન્સ સૂચિત કરવાની જરૂર રહે છે. જ્યારે પ્રવૃત્તિ-નિર્દિષ્ટ ટાઈમલાઈન્સ સ્થાનિક પરિસ્થિતિ, ચોક્કસ વ્યાપક ટાઈમલાઈન્સ અનુસાર અલગ પડી શકે છે જેને નીચે પ્રમાણે સુચવવામાં આવી છે:

| કામનો પ્રકાર | શરૂ થયા તારીખથી સમય |
|---|---|
| આદર્શ ગ્રામની પસંદગી | એક મહિનો |
| યોજના પર સતર્કતા સર્જન | બે મહિનાઓ |
| પર્યાવરણ સર્જન અને સામાજિક એકત્રીકરણ | ત્રણ મહિનાઓ |
| પ્રથમ તબક્કાની પ્રવૃત્તિઓનો પ્રારંભ | ત્રણ મહિનાઓ |
| પ્રથમ તબક્કાની પ્રવૃત્તિઓની સમીક્ષા | પાંચ મહિનાઓ |
| વીડીપીની તૈયારીઓનો અંત | સાત મહિનાઓ |
| મંજૂરીઓ અને સંમતિઓ | આઠ મહિનાઓ |
| શરૂ થનાર પ્રવૃત્તિઓ | નવ મહિનાઓ |
| ગ્રામસભા સ્તરે અને જિલ્લા સ્તરે વિડીપીની પ્રગતિની સમીક્ષા | એક વર્ષ |

**ગામમાં સમુદાય સાથે સામેલ થાઓ અને તેમને તેમની ક્ષમતા પ્રમાણે વિકાસકીય પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ઉત્તેજન આપો**

# 12. ભૂમિકાઓ અને જવાબદારીઓ

એસએજીવાયનો અમલ કરવાની જવાબદારી વિવિધ સ્તરે સંબંધિત પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કાર્યક્રમના કર્મચારીઓની રહેશે. આ બન્ને જણાએ ગામની સામાન્ય જરૂરિયાતોને અને ખાસ રીતે જોખમથી સંભવિત નિવાસીઓની જરૂરિયાતોને સાચી રીતે ઓળખી કાઢવાની રહેશે, તેમજ વિવિધ કાર્યક્રમોના સ્રોતો પર ભાર મુકવાની, અમલીકરણ, દેખરેખ અને યોજના હેઠળ હાથ ધરવામાં આવેલ કામોના નિભાવની જવાબદારી રહેશે.

વિવિધ સ્તરે એકંદરે સંકલન અને સમીક્ષા પદ્ધતિ પણ લાગુ પાડવામાં આવશે. વધુમાં આ યોજના અન્ય વિસ્તારોમાં પ્રચાર માટે શ્રેષ્ઠ આચરણોને દર્શાવવાના હેતુને પણ સર કરશે. આ કેવી રીતે કરવામાં આવશે તેની ચોક્કસ ભૂમિકાઓ અને જવાબદારીઓનું નિરૂપણ નીચે કરવામાં આવ્યું છે:

## a. સંસદ સભ્ય:

- આદર્શ ગ્રામને ઓળખી કાઢવું અને પસંદ કરવું
- ગામમાં સમુદાય સાથે સામેલ થવું અને તેમની ક્ષમતા અનુસાર વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવા ઉત્તેજન આપવું
- યોજનાના મૂલ્યોનો ફેલાવો કરવો
- યોગ્ય પર્યાવરણ ઊભુ કરવા માટે પ્રારંભિક પ્રવૃત્તિઓની પહેલ કરવી
- આયોજન પ્રક્રિયામાં સહાય કરવી
- શક્ય હોય એટલા સ્તરે વધારાના સ્રોતો એકત્ર કરો, ખાસ કરીને સીએસઆર અને દાતાઓપાસેથી
- એમપીએલએડી ભંડોળોનો ઉપયોગ કરીને અગત્યનો શૂન્યવકાશ ભરવો
- પ્રગતિ પર સામયિક ધોરણે દેખરેખ રાખવી અને સમસ્યાઓ અને મુશ્કેલીઓના ઉકેલમાં મદદ કરવી
- કાર્યક્રમના અમલીકરણમાં પારદર્શકતા અને જવાબદારીમાં સક્રિય રીતે સહાય કરવી અને જનતાની ફરિયાદો ઉકેલવી
- સમુદાય સાથે ઇચ્છીત, સ્થાયી નિષ્કર્ષ ખાસ કરીને સામાજિક દ્રષ્ટિએ સિદ્ધ કરવા માટે સંકલન સાધવું

## b. ભારત સરકાર

રાષ્ટ્રીય સ્તરે આ યોજનાનો અમલ કરતું મધ્યસ્થ મંત્રાલય ગ્રામિણ વિકાસ મંત્રાલય રહેશે. અમલીકરણ પર ઉપરથી નજર રાખવા માટે બે રાષ્ટ્રીય સ્તરની સમિતિઓ રહશે. એકનું નેતૃત્ત્વ જેમ નક્કી કરવામાં આવે તે રીતે આયોજન, કાર્યક્રમ અમલીકરણનો હવાલો ધરાવતા પ્રધાનો અન્ય મહત્ત્વના પ્રધાનોની ભાગીદારીમાં ગ્રામ વિકાસ પ્રધાન દ્વારા કરવામાં આવશે. બીજી સમિતિનું નેતૃત્ત્વ નીચે જણાવેલા મંત્રાલયો વિભાગોના પ્રતિનિધિઓ કે જે સંયુક્ત સચિવના હોદ્દાથી નીચેનું પદ ન ધરાવતા હોય તેમની સાથ ગ્રામિણ વિકાસ સચિવ
દ્વારા કરવામાં આવશે:

- પંચાયતી રાજ
- આયોજન
- જમીન સંપાદન
- મહિલા અને બાળ વિકાસ
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ
- શાળા શિક્ષણ
- સૂક્ષ્મ, નાના અને મધ્યમ સાહસો
- પીવાના પાણી પુરવઠા અને સેનીટેશન
- વીજળી
- નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જા
- સંદેશાવ્યવહાર
- માહિતી ટેક્નોલોજી
- જળ સંશાધન
- સામાજિક ન્યાય અને સશક્તિકરણ,
- અનુસૂચિત જાતિ
- પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન
- કૃષિ
- રમતગમત અને યુવા બાબતો
- અન્ય સંબંધિત મંત્રાલયો

સમિતિ આ યોજનાના મહત્ત્વના વિષય વિસ્તારોમાં નિષ્ણાતોને કામે રાખી શકે છે. તેમાં કરાર પરના ત્રણ રિસોર્સ વ્યક્તિઓને સમાવતા નાના, કેન્દ્રિત, ઊંચી અસર ધરાવતા સેક્રેટેરીયેટ દ્વારા મદદ કરવામાં આવશે.

સમિતિનું કાર્ય નીચે પ્રમાણે રહેશે:

- ઓળખ પ્રક્રિયા અને આયોજનની પ્રક્રિયા પર દેખરેખ
- યોજનાના અમલીકરણની સમીક્ષા કરવી
- સંમતિદાયક દેખરેખ અને પ્રોજેક્ટ બાદના મૂલ્યાંકન માટેની પદ્ધતિ નક્કી કરવી

જેના માટે વેબ આધારિત દેખરેખ પદ્ધતિ વિકસાવવામાં આવશે, તેમજ દરેક રાજ્યોમાં નિયમત દેખરેખ આચરણો લાગુ પાડવામાં આવશે.

- હરિફાઈઓ સમસ્યાઓને ઓળખી કાઢવી અને જરૂર લાગે ત્યાં ઉપાયાત્મક પગલાં ભરવા-યોજનાની માર્ગદર્શિકામાં ફેરફારો સહિત.
- દરેક રાજ્યોમાં ક્ષમતા ઊભી કરવા માટે જે દરેક મંત્રાલય પૂરો પાડશે તે ચોક્કસ રિસોર્સ ટેકો દર્શાવો
- દરેક રાજ્યોમાં ક્રોસ લર્નીંગને પ્રોત્સાહન આપો
- ગામ સ્તર વિકાસમાં વીડિયો અને પ્રિન્ટ સહિત શ્રેષ્ઠ આચરણનો પ્રચાર કરો
- વખતોવખત કાર્યરતતા માર્ગદર્શિકાઓ અને એડવાઈઝરી જારી કરો જે આઈટમ નિર્દિષ્ટ અથવા સામાન્ય રીતે યોજનાને લગતી હોવી જોઈએ.

## c. રાજ્ય સ્તરે

રાજ્યની અનેક પ્રકારની યોજનાઓ કે જેને આ યોજનામાં ટુકડે ટુકડે આવરી લેવાશે અને રાજ્યમાં કેન્દ્ર દ્વારા સ્પોન્સર કરાયેલ કાર્યક્રમો માટે અમલીકરણ માળખામાં તફાવત જોતા ચિફ સેક્રેટરીના નેતૃત્ત્વલ હેઠળની એક એમ્પાવર્ડ કમિટી હોવી જોઈએ જેમાં સંબંધિત વિભાગોનો અને જરૂર લાગે તેમ નિષ્ણાતોનો સમાવેશ થયેલો હોવો જોઈએ, તેમજ તેમાં નાગરિક સમાજના ઓછામાં ઓછા બે પ્રતિનિધિઓનો સમાવેશ થયેલો હોવો જોઈએ. રાજ્યના ગ્રામિણ વિકાસ વિભાગનો સચિવ મેમ્બર કન્વીનર રહેશે. આ રાજ્ય સ્તરની સમિતિને ટેકો પૂરો પાડવા માટે કરાર પર સંપૂર્ણ સમયની રિસોર્સ વ્યક્તિઓને કામે રાખી શકાશે.

**વીડિયો અને પ્રિન્ટ સહિત ગ્રામ્ય સ્તરના વિકાસમાં શ્રેષ્ઠ આચરણોનો ફેલાવો કરો.**

આ સમિતિ ત્રણ મહિનામાં ઓછામાં ઓછા એક વખત મળશે અને નીચેના કાર્યો હાથ ધરશે:

- કેન્દ્રિય એસએજીવાય માર્ગદર્શિકામાં વધારો કરશે અને રાજ્ય આધારિત સુચનાઓ જારી કરશે જે વિવિધ રાજ્યની યોજનાઓને ધ્યાનમાં લેતી હોય. તેણે જીપી, બ્લોક, જિલ્લા અને રાજ્ય સ્તરે કામ કરતા લોકોની ભૂમિકા અને જવાબદારીઓ ફરજિયાતપણે નક્કી કરવી પડશે.
- દરેક મતવિસ્તારોમાંથી ગ્રામ વિકાસ યોજનાની સમીક્ષા કરવાની રહેશે અને જો જરૂર લાગે તો ફેરફારો સુચવવાના રહેશે, જેથી નિશ્ચિત સમયમર્યાદામાં મહત્ત્વના પરિણામો હાંસલ કરી શકાય.
- અમલીકરણની સમીક્ષા કરવાની રહેશે અને વેબ આધારિત દેખરેખ વ્યવસ્થામાં દેખરેખ પદ્ધતિ સપ્લીમેન્ટરી લાગુ પાડવાની રહેશે.
- હરિફાઈને અને જરૂરી ટેકનિકલ અને વહીવટીય ટેકો ઓળખી કાઢવાનો રહેશે અને વખતો વલખત જરૂરી સુચનાઓ/સરકારી હુકમો જારી કરવાના રહેશે.
- જરૂર લાગે ત્યારે રાષ્ટ્રીય સ્તરે સમિતિ સાથે સંકલન કરવાનું રહેશે.
- મોડેલ ગામની વિકાસ મુલાકાત માટે સમયપત્રક વિકસાવવાનું રહેશે અને શ્રૃષ્ઠ આચરણોના પ્રચાર માટે રાજ્ય સ્તરની યોજના તૈયાર કરવાની રહેશે.
- યોજના માટે ફરિયાદ નિવારણ પદ્ધતિની રચના કરો જેને ચાર્જ ઓફિસર અને જિલ્લાના સ્તરે યોજનાની માર્ગદર્શિકા અનુસાર અસ્તિત્વમાં મુકાશે.

આ સમિતિ, સમસ્યાઓને ઓળખી કાઢવા અને તેનો ઉકેલ લાવવા માટે જરૂર લાગે તો નાના જૂથમાં એમપી સાથે બેઠક કરી શકે છે.

### d. જિલ્લા સ્તરે

જિલ્લા કલેક્ટર એસએજીવાયના અમલીકરણ માટે મધ્યસ્થ અધિકારી તરીકે રહેશે. જિલ્લા કલેક્ટર આમાં ભાગ લેતા વિભાગોના પ્રતિનિધિઓ સાથે માસિક ધોરણે સમીક્ષા બેઠક હાથ ધરશે. સંબંધિત સંસદ સભ્ય (ભ્યો) સમીક્ષા બેઠકમાં અધ્યક્ષપદે રહેશે. સંબંધિત જીપીના વડાઓને પણ આ દેખરેખ બેઠકમાં આમંત્રણ આપવામાં આવશે.

જિલ્લા કલેક્ટર દરેક ગ્રામ પંચાયત માટે પૂરતી સિનિયોરિટી ધરાવતા સક્ષમ ચાર્જ ઓફિસરની નિમણૂંક કરશે, જે સ્થાનિક સ્તરે અમલીકરણમાં સંકલન કરશે અને તે અમલીકરણ માટે સંપૂર્ણપણે જવાબદાર અને ઉત્તરદાયી રહેશે.

જિલ્લા કલેક્ટર પ્રાઈમ મિનીસ્ટર્સ રુરલ ડેવલપમેન્ટ ફેલો (પીએમઆરડીએફ)ને અને યોજનામાં ઓળખી કઢાયેલા એનઆરએલએમના ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ યુનિટ્સના વ્યાવસાયિકોને, ચાહે તેઓ ગમે ત્યાં હોય, તેમને પણ સામેલ કરશે.

જિલ્લા કલેક્ટર નીચેના માટે જવાબદાર રહેશે:

- બેઝલાઈન સર્વેક્ષણ હાથ ધરવા
- ગામ સ્તરની યોજનાની તૈયારીમાં સુગમતા માટે
- સંબંધિત યોજનાના એકીકરણ માટે
- સંબંધિત વિભાગોમાં યોજનાના અમલીકરણના સંકલન
- માસિક ધોરણે પ્રગતિની સમીક્ષા કરવી અને રાજ્ય અને ભારત સરકારને અહેવાલ આપવો
- જે તે યોજના માર્ગદર્શિકા દ્વારા લાગુ પાડવામાં આવેલા ફરિયાદ નિવારણ અને સક્રિય જાહેર નિયમોને વળગી રહેવું
- પ્રગતિની આકારણી માટે સતત સ્થળ મુલાકાતની ગોઠવણ

## 13. ટેક્નોલોજી અને નવીનીકરણનો ઉપયોગ

ટેક્નોલોજી અપનાવવી અને અમલ અને નવીનતા લાગુ પાડવી એ આ કાર્યક્રમના મહત્ત્વના પાસા છે. તે વ્યાપકપણે નીચેના વિસ્તારોમાં હોવા જોઈએ:

1. <u>સ્પેસ એપ્લીકેશન્સ અને રિમોટ સેન્સીંગ:</u> તેનો ઉપયોગ કાર્યક્રમોના આયોજન અને દેખરેખમાં થશે. જીઆઈએસનો ઉપયોગ કરીને મિલકતોનો પણ નકશો તૈયાર કરાશે. રાજ્ય રિમોટ સેન્સીંગ એજન્સીઓ જરૂરી ટેકો પૂરો પાડશે.

i. <u>કૃષિ સંબંધિત ટેક્નોલોજીઓ અને નવીનીકરણ:</u>આ ઉત્પાદકતામાં સુધારો કરી શકે છે અને મૂલ્યમાં ઉમેરો કરી શકે છે. જેને સ્થાનિક કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને જિલ્લા એટીએમએમાંથી પ્રાપ્ત કરવામાં આવશે.

iv. ગુજરાન સંબંધિત ટેક્નોલોજીઓ અને નવીનકરણો-આને નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન અને સ્ટેટ રુરલ લાઇવલી હુડ મિશન્સ દ્વારા મંત્રાલય દ્વારા સ્થાપવામાં આવેલ બેન્ક ઓફ આઇડિયા એન્ડ ઇનોવેશન પાસેથી પ્રાપ્ત કરી શકાય છે.

v. યોગ્ય ઇમારત બાંધકામ ટેક્નોલોજી-આ સ્થાનિક સામગ્રી અને સ્થાનિક ડિઝાઇન સાથે કામ કરતી નિષ્ણાત સંસ્થા દ્વારા વિકસાવવામાં આવશે. ગ્રામિણ વિકાસ મંત્રાલય અને દિલ્હીના આઇઆઇટીના રુરલ હાઉસિંગ નોલેજ નેટવર્ક જરૂરી ટેકો પૂરો પાડશે.

vi. માર્ગ બાંધકામ ટેક્નોલોજી- આ ગ્રામિણ વિકાસ મંત્રાલયની નેશનલ રોડ્ઝ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

vii. જળ પુરવઠો અને સેનીટેશન સંબધિત ટેક્નોલોજી- આ ટેકોલોજી પીવાના પાણી અને સેનીટેશન મંત્રાલય દ્વારા પૂરી પડાશે જે ખર્ચ અસરકારક અને નવીન છે.

ગ્રામિણ વિકાસ મંત્રાલય સંબંધિત ટેક્નોલોજીઓ અને નવીનીકરણનો સાર તૈયાર કરશે અને ખાસ કરીને આદર્શ ગ્રામ્સના હેતુ વાળો ફેલાવો કરશે.

## 14. ખાનગી, સ્વૈચ્છિક અને સહકારી ક્ષેત્રોની શક્તિને વેગ આપવો

એસએજીવાય ખાનગી, સ્વૈચ્છિક અને સહકારી ક્ષેત્રોના સ્ત્રોતો અને શક્તિઓને સક્રિયપણે સર કરશે જે નીચેનામાં મદદ કરી શકે છે:

- આયોજન અને દેખરેખમાં ટેકનિકલ સહાય પૂરી પાડવામાં
- સ્થાનિક ધોરણે અપનાવી શકાય તેવી સંબંધિત ટેક્નોલોજીઓને ઉપલબ્ધ બનાવીને
- સ્થાનિક આર્થિક વિકાસ માટે રોકાણો કરવા/ સેવા પૂરી પાડવી, ચાહે સ્વતંત્રપણે અથવા તો સરકારી પ્રયત્નોમાં વધારો કરીને:

  * સ્થાનિક કાર્યકર્તાઓની તાલીમ અને ક્ષમતા નિર્ધારણ
  * રોજગારયોગ્યતામાં સુધારો કરવા માટે સ્થાનિક યુવાનોને કુશળતા આપવી
  * ધોરણસ્થાપન, ગુણવત્તા ખાતરી વગેરે દ્વારા સ્થાનિક પેદાશોને બજારની કડીઓ પૂરી પાડવી
  * અંગત અને સામાજિક વિકાસ માટે દેખરેખ

## 15. ક્ષમતા નિર્ધારિણ

આ કાર્યક્રમના અમલીકરણ માટે ભારે ધગશ અને જાણકાર કર્મચારીની જરૂર છે. તેમજ સંબંધિત ગ્રામ પંચાયતે યોગ્ય ક્ષમતા દાખવવાની રહેશે. ગ્રામિણ વિકાસ મંત્રાલય ખાસ ડિઝાઇન કરેલ ક્ષમતા નિર્ધારણ કાર્યક્રમ કે જેને નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ રુરલ ડેવલપમેન્ટ એન્ડ પંચાયતી રાજ (એનઆઇઆરડી એન્ડ પીઆર), હૈદરાબાદે રાજ્ય સ્તરે એસઆઇઆરડી મારફતે કાર્યરત કરવાનો છે તે અસ્તિત્વમાં રહેશે.

વધુમાં, ગ્રામિણ વિકાસ મંત્રાલય નીચેના કાર્ય કરશેઃ

i. હિસ્સેદારો માટે કાર્યરત કરવાના વિવિધ ઘટકો માટે વિગતવાર હેન્ડબુક તૈયાર કરશે.

ii. નવીન ગામ વિકાસને સંબંધિત શ્રેષ્ઠ આચરણનું દસ્તાવેજીકરણ અને ફેલાવો કરશે.

**બેવડી ગોઠવણો મારફતે સમોવડીયા જૂથ માટે શ્રેષ્ઠ કામગીરી કરતી ગ્રામ પંચાયતને ઓળખી કાઢો**

iii. એનઆઇઆરડી એન્ડ પીઆરમાં શંકાઓની સ્પષ્ટતા માટે એક જ મુદ્દા તરીકે અને જરૂર લાગે ત્યાં સલાહ આપવા માટે કામ કરે તે માટે હેલ્પ ડેસ્કની સ્થાપના કરવી.

vi. બેવડી ગોઠવણો મારફતે સમોવડીયા જૂથ માટે શ્રેષ્ઠ કામગીરી કરતી ગ્રામ પંચાયતને ઓળખી કાઢો.

# 16. નિષ્કર્ષ

રોકાણો અને યોજનાઓ સંબધિત મોટા ભાગના નિષ્કર્ષો પુરવણી-IIમાં વિગતવાર આપવામાં આવ્યા છે. વધુમા એસએજીવાય વધુ એક નોંધપાત્ર નિષ્કર્ષ ધરાવે તેવી શક્યતા છે તેમાં નીચેનાનો સમાવેશ થઇ શકે છેઃ

- ગુજરાન/રોજગારીની વધેલી તકો
- તણાવયુક્ત સ્થળાંતરમાં ઘટાડો
- બોન્ડેડ શ્રમ,બાળ મજૂર અને સફાઇ કરવામાથી મુક્તિ
- મૃત્યુ અને જન્મની ૧૦૦% નોંધણી
- સમુદાયના દરેક વર્ગોને સ્વીકાર્ય હોય તેવી વૈકલ્પિક વિવાદ ઉકેલ વ્યવસ્થા વિકસાવવી
- શાંતિ અને એકસૂત્રતા
- અન્ય ગ્રામ પંચાયત પર દેખાવની અસર

# 17. દેખરેખ

